# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી                                                                 તા. ૫-૦૯-૨૦૨૩

- **૨૪ કલાક પાણી આપવાની ભાજપ સરકારની જાહેરાતનું પોલ ખોલતું પાણી માટેના ટેન્કરનું ટેન્ડર**

ગુજરાતમાં પીવાનું પાણી અને વપરાશના પાણી નામે થતા મોટા મોટા દાવાની પોલ ખોલતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ.મનીષ દોશીએ જણાવ્યું હતું કે પાણી એ જીવન જરૂરિયાતની આવશ્યક વસ્તુ છે. એના વગર કોઈનું પણ જીવન ચાલી શકે નહીં. રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ શહેરમાં ૨૪ કલાક પાણી આપવાની મોટી-મોટી જાહેરાતો કરવામાં આવી હતી, જે માત્ર કાગળ ઉપર જ રહી છે. નલ સે જલ યોજનાની પણ જાહેરાતો કરવામાં આવી હતી, પરંતુ આજે પણ અમદાવાદ શહેરમાં ટેન્કર રાજ ચાલી રહ્યું છે. અમદાવાદ શહેરના ઘણા વિસ્તારોમાં ટેન્કરથી પાણી પહોંચાડવું પડે છે. તેવામાં રાજ્યસરકારની ખુદની પોલ ખોલતી પાણી માટે ટેન્કર મેળવવાની જાહેરાત સામે આવી છે. અમદાવાદ જેવા મેગા સીટી-સ્માર્ટ સિટીમાં સરકારી કુમાર છાત્રાલય, રખિયાલ સરકારી કન્યા છાત્રાલય, સન્યાસ આશ્રમ, એલિસબ્રિજમાં ટેન્કરથી પાણી પૂરું પાડવાની સરકારી જાહેરાત જ દર્શાવે છે કે પાણી માટે ફાળવવામાં આવતા કરોડો રૂપિયા ક્યાં સગેવગે થઈ રહ્યા છે? ૧૦૦ ટકા 'નળ સે જલ', શુદ્ધ પીવાનું પાણી સહીત સિદ્ધીની જાહેરાતો કરતી ભાજપા સરકારમાં અમદાવાદ જેવા શહેરની મધ્યમાં અનુસુચિત જાતિના કુમાર-કન્યાને વપરાશના પાણી માટે ટેન્કર પર આધારિત રહેવું પડે છે. આ છે ભાજપનું વિકાસ મોડેલ....!

અમદાવાદ જેવી મેટ્રોસિટીમાં પણ પાણીના પોકારો ઉઠયાં છે. નારોલ, વટવા, ફતેહવાડી, ગ્યાસપુર, સરખેજ, ગીતમંદિર, સિટીએમ સહિતના વિસ્તારોમાં પાણીનો પ્રશ્ન ગંભીર છે. મ્યુનિ.કોર્પોરેશન દ્વારા ટેન્કરથી આ વિસ્તારોમાં પાણી પહોંચાડવામાં આવી રહ્યુ છે. કેટલાંય વિસ્તારોમાં તો પાણીનુ નેટવર્ક જ નથી. લોકો બોરનુ પાણી ઉપયોગમાં લઈ રહ્યાં છે. આ સ્થિતીમાં લોકો પાણી ખરીદવા મજબુર છે. ખાનગી ટેન્કર મંગાવી પાણીની જરુરિયાત પુર્ણ કરી રહ્યાં છે. અમદાવાદમાં પાણીની એક ખાનગી ટેન્કરનો ભાવ રૂ.૧૨૦૦ બોલાય છે.

સાબરકાંઠા, બનાસકાંઠાના ગ્રામ્ય વિસ્તારોમાં ખાનગી ટેન્કરોની જાણે ડિમાન્ડ બોલાઇ છે. ખેડબ્રહ્માના આંતરિયાળ ગામડાઓ જેવા કે, આગિયા, મટોડા , ગુંદેલ , મનજીપુરા સહિતના આદિવાસી વિસ્તારોમાં એક પાણીની ટેન્કર જોઇએ તો, રૂ.૧૨૦૦-૧૫૦૦ ચૂકવવા પડે છે. અત્યાર સુધી ગામડાઓમાં રૂા.૪૦૦-૫૦૦માં ટેન્કર મળતી. હવે પાણીની અછતનો લાભ લઇ ખાનગી ટેન્કરના માલિકો ય કમાણી કરવા માંડી છે. રાજ્યના ૮૨૫૦ ગામોમાં પાણીની નબળી ગુણવતા ધરાવે છે. ૨૭૯૧ ગામો ફ્લોરાઈડથી દુષિત ધરાવે છે. ૪૫૫ ગામો નાઈટ્રેટવાળું પાણી ધરાવે છે, અને ૭૯૨ ગામો ખારાશવાળું પાણી ધરાવે છે. આમ કુલ ૧૦૨૮૮ ગામો પીવાનું ખરાબ પાણી ધરાવે છે. એનો અર્થ એ છે કે ગુજરાતના કુલ ૧૮૭૧૫ ગામોમાંથી ૫૫ ટકા ગામોમાં પીવાનું પાણી શુદ્ધ નથી. ગુજરાતમાં જલ જીવન મિશન હેઠળ કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો છે. વડોદરા, છોટાઉદેપુર, નવસારી, દાહોદ, મહીસાગર સહીત અનેક જીલ્લામાં 'નલ સે જલ' યોજના કાગળ પર કામગીરી પૂરી થઈ અને કરોડો રૂપિયા સગેવગે ક્યાં થઈ ગયા? ગુજરાતમાં વોટર સપ્લાય અને સેનિટેશન પાછળ છેલ્લા સાત વર્ષમાં ૨૭૦૦૦ કરોડ રૂપિયા, આદિવાસી વિસ્તારમાં ૬૦૦૦ કરોડ રૂપિયા ખર્ચાયા પણ આજે અનેક ગામો અને નગરપાલિકા વિસ્તારમાં પાણી માટે નાગરીકો વલખા મારી રહ્યા છે. હકીકતમાં વોટર સપ્લાય અને સેનિટેશનના નામે ભાજપના કોન્ટ્રકટરોની મિલી ભગતથી કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો છે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા

**નોધ: ટેન્કર માટેનું ટેન્ડર જાહેરાત સામેલ છે.**